સન ૨૦૦૦-૨૦૦૧ સીડીપી-૩ હેઠળની નવી
બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.
**ઓફિસ બિલ્ડીંગ/સ્ટાફ ક્વાટર્સ**

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જપમ-૧૦-૨૦૦૦-૧૧૭૧-જ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૮-૧૧-૨૦૦૦

**સંદર્ભઃ**- વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્રકઃ પંચાયત/યુ-૫/વશી,
તા.૨૯-૫-૨૦૦૦

ઠરાવઃ-

રાજયમાં લોકોની સુખાકારી, સુવિધા અને સવલતો વધે તે હેતુથી રાજયના મોટા જિલ્લા/ તાલુકાઓનું વિભાજન કરી છ નવા જિલ્લા અને ૪૧ નવા તાલુકાઓની રચના કરવામાં આવેલ છે. આ નવરચિત જિલ્લાઓની જિલ્લા પંચાયતો અને તાલકાઓની તાલુકા પંચાયતો હાલમાં સ્વતંત્ર રીતે કામગીરી બજાવે છે.

૨. સન ૨૦૦૦-૨૦૦૧ ના અંદાજપત્રમાં સામાન્ય દરે " માંગણી નં.૭૦ મુખ્ય સદર-૨૫૧૫- અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ-પેટા સદર-૧૦ (સીડીપી-૩) તાલુકા જિલ્લા પંચાયતોનું વહીવટી તંત્ર સંગીન બનાવવું (આયોજન) " હેઠળ રૂ.૮૨૬ લાખની જોગવાઈ નવી બાબત માટે કરે છે, તેમજ આદિજાતિ સદરે માંગણી નં.૯૪-મુખ્ય સદર-૨૫૧૫- અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ-૭૯૬૦- આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૧) સીડીપી-૩ તાલુકા/જિલ્લા પંચાયતોનું વહીવટી માળખુ સંગીન બનાવવું(આયોજન)" હેઠળ રૂ.૩૫૬.૫૦ લાખની જોગવાઈ નવી બાબત માટે કરેલ છે. તે પૈકી નવરચિત છ જિલ્લા પંચાયત તેમજ ૪૧ તાલુકા પંચાયત માટે કચેરી અને સ્ટાફ કવાર્ટર્સ માટે સામાન્ય સદરે રૂ.૫૯૮ લાખ અને આદિજાતિ સદર રૂ.૨૯૦ લાખની દરખાસ્તને વહીવટી મંજુરી આપવા સંદર્ભમાં દર્શાવેલ પત્રથી વિકાસ કમિશ્નરશ્રીએ વિનંતી કરેલ છે.

૩. ઉકત ઉલ્લેખ કરેલ બાબતે કાળજી પૂર્વક વિચારણા કરીને ફકરા-૨ માં ઉલ્લેખ કરેલ જોગવાઈ અનુસાર નવરચિત જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયતો માટે ઓફિસ બિલ્ડીગ/સ્ટાફ કવાર્ટર્સના બાંધકામ માટે જમીન મેળવવાની અને અન્ય તાંત્રિક કામ હાથ ધરી શકાય તે માટે સામાન્ય સદર કરેલ રૂ.૫૯૮ લાખની દરખાસ્તના ૨૫ ઠેકા જેટલી રકમ એટલે કે રૂ.૧૪૯.૫૦ લાખ અને આદિજાતિ સદરે કરેલ રૂ.૨૯૦ લાખની દરખાસ્તના ૨૫ ટકા જેટલી રકમ એટલે કે રૂ.૭૨.૫૦ લાખને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૩–૧૧–૨૦૦૦ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી ,

સહી
(વી.એમ.પટેલ)
સેકશન અધિકારી,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,
–સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
–એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ
–નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
–પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
–બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાણા શાખા
–શાખા સિલેકટ ફાઈલ
–નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ